# માત્ર નંબર બ્લોક નહીં, સ્પામ સામેનું સાચું હથિયાર છે TRAI DND App



ભારતમાં મોબાઈલ ફોન આજે જીવનનો અભિન્ન ભાગ બની ગયો છે. પરંતુ આ સુવિધા સાથે એક મોટી સમસ્યા પણ સતત વધી રહી છે–અનિચ્છનીય સ્પામ કોલ્સ અને પ્રમોશનલ મેસેજિસ. બેંક લોન, ક્રેડિટ કાર્ડ, રિયલ એસ્ટેટ, ઈન્સ્યોરન્સ કે રોકાણની લાલચ આપતા કોલ્સ હવે લગભગ દરેક મોબાઈલ યુઝર માટે રોજિંદી વાત બની ગઈ છે.આંકડાઓ દર્શાવે છે કે ભારતમાં દર વર્ષે 41 અબજથી વધુ સ્પામ કોલ્સ અને 129 અબજથી વધુ સ્પામ મેસેજિસ મોકલવામાં આવે છે. સરેરાશ દરેક મોબાઈલ યુઝરને દરરોજ બે થી ત્રણ સ્પામ કોલ્સનો સામનો કરવો પડે છે. આવા કોલ્સ માત્ર સમયનો બગાડ જ નથી કરતા, પરંતુ ઘણી વખત ઓનલાઈન છેતરપિંડી અને સાયબર ફ્રોડનું પણ કારણ બને છે.મોટાભાગના લોકો આવા કોલ્સ આવતા જ નંબર બ્લોક કરી દે છે અથવા મેસેજ ડિલીટ કરી દે છે. પરંતુ શું ખરેખર આ સમસ્યાનો ઉકેલ એટલો સરળ છે? જવાબ છે–ના. નંબર બ્લોક કરવાથી તમારી સુરક્ષા, ફરિયાદ કરવાથી સમગ્ર સમાજની સુરક્ષા થાય છે. કોઈ એક નંબર બ્લોક કરવાથી તે વ્યક્તિ ફરીથી તમને ફોન કરી શકશે નહીં, પરંતુ સ્પામ કરનારી કંપનીઓ અને ઠગો પાસે હજારો મોબાઈલ નંબર હોય છે. તેઓ બીજા નંબર પરથી ફરી સંપર્ક કરી શકે છે. એટલે માત્ર બ્લોક કરવાથી સમસ્યાનું મૂળ સમાપ્ત થતું નથી.

## દરરોજના સ્પામ કોલ્સથી કંટાળી ગયા છો? હવે ફરિયાદ કરો, માત્ર અવગણના નહીં!

સ્પામ કોલ્સ સામે અસરકારક કાર્યવાહી ત્યારે જ શક્ય બને જ્યારે ગ્રાહકો તેની સત્તાવાર ફરિયાદ કરે. ફરિયાદના આધારે સંબંધિત એજન્સીઓ વારંવાર નિયમોનો ભંગ કરનાર વ્યક્તિઓ અને કંપનીઓને ઓળખી શકે છે અને તેમની સામે કડક કાર્યવાહી કરી શકે છે.આ જ હેતુથી ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઇન્ડિયા (TRAI) દ્વારા TRAI DND App વિકસાવવામાં આવી છે. આ એપ ગ્રાહકોને માત્ર DND સેટ કરવાની જ નહીં પરંતુ સ્પામ કોલ્સ અને મેસેજિસની સરળતાથી ફરિયાદ કરવાની પણ સુવિધા આપે છે.TRAIના જાહેર આંકડા મુજબ અત્યાર સુધીમાં 21 લાખથી વધુ મોબાઇલ નંબરો અને લગભગ 1 લાખ સંસ્થાઓ સામે સ્પામ અને ફ્રોડ સંબંધિત કાર્યવાહી કરવામાં આવી છે. આ દર્શાવે છે કે ગ્રાહકોની ફરિયાદો ખરેખર અસરકારક સાબિત થઈ રહી છે.



### માત્ર નંબર બ્લોક કરીને સંતોષ ન માનવો

આજના ડિજિટલ યુગમાં સ્પામ કોલ્સ માત્ર હેરાનગતિ નથી, પરંતુ સાયબર ક્રાઇમનું મોટું કારણ પણ બની રહ્યા છે. તેથી માત્ર નંબર બ્લોક કરીને સંતોષ ન માનવો જોઈએ. દરેક ફરિયાદ ભવિષ્યમાં લાખો મોબાઇલ યુઝર્સને સ્પામ અને ફ્રોડથી બચાવવામાં મહત્વની ભૂમિકા ભજવી શકે છે.યાદ રાખો... નંબર બ્લોક કરવાથી તમે બચો છો, પરંતુ TRAI DND Appમાં ફરિયાદ કરવાથી સમગ્ર સમાજ સુરક્ષિત બને છે. સામાન્ય રીતે 24 કલાકમાં આ ફેરફારો અમલમાં આવી જાય છે.

### TRAI DND App: સ્પામ સામે ગ્રાહકોનું ડિજિટલ શસ્ત્ર

TRAI DND App માત્ર ફરિયાદ માટેની એપ નથી, પરંતુ ગ્રાહકોને પોતાના મોબાઇલ પર આવતા કોમર્શિયલ કોમ્યુનિકેશન પર નિયંત્રણ આપતું શક્તિશાળી પ્લેટફોર્મ છે. આ એપ દ્વારા તમેઃ Do Not Disturb (DND) પ્રેફરન્સ સેટ કરી શકો છો. અનિચ્છનીય કોલ્સ અને SMSની ફરિયાદ કરી શકો છો. ફરિયાદની સ્થિતિ જાણી શકો છો. વારંવાર નિયમોનો ભંગ કરનાર સામે કાર્યવાહી કરવામાં મદદરૂપ બની શકો છો.TCCCPR નિયમો હેઠળ ગ્રાહક અધિકારોનું રક્ષણ મેળવી શકો છો.

**DND કેવી રીતે સેટ કરવું? ।** એપ ડાઉનલોડ કરીને OTP દ્વારા મોબાઇલ નંબર વેરિફાય કરો. ત્યારબાદ "Preference" વિભાગમાં જઈને ત્રણ વિકલ્પમાંથી પસંદગી કરોઃ

**Fully Blocked:** તમામ કોમર્શિયલ કોલ્સ અને મેસેજિસ બંધ.

**Promotional Only:** માત્ર પ્રમોશનલ સંદેશાઓ બંધ, જ્યારે બેંકિંગ અને સર્વિસ મેસેજ ચાલુ રહેશે.

**Custom Preference:** તમારી જરૂરિયાત મુજબ કેટેગરી, કોલ કે SMS અને સમય પસંદ કરી શકો છો.

### Android યુઝર્સ ફરિયાદ કેવી રીતે કરે?

TRAI DND Appમાં Spam Calls વિભાગમાં જઈ સંબંધિત નંબર પસંદ કરો, યોગ્ય કેટેગરી પસંદ કરો અને "Complain" પર ક્લિક કરો. ફરિયાદ સીધી નોંધાઈ જશે.

### iPhone યુઝર્સ માટે પ્રક્રિયા

એપ ઇન્સ્ટોલ કર્યા બાદ iPhone Settingsમાં App Extension સક્રિય કરો. ત્યારબાદ Call Logમાંથી સ્પામ નંબર પર ડાબી તરફ સ્વાઇપ કરીને ઓરેન્જ હેન્ડ આઇકોન પસંદ કરો. ફરિયાદનો મેસેજ ઓટોમેટિક તૈયાર થશે, જેને 1909 પર મોકલી શકાય છે.

---

**પાસપોર્ટ, આધાર કે મતદાર કાર્ડ?**

# ભારતીય નાગરિકતા સાબિત કરે છે કયો દસ્તાવેજ? – ગેરસમજ, કાયદો અને હકીકત

તાજેતરમાં વિદેશ મંત્રાલય (MEA) દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી કે પાસપોર્ટ પોતે ભારતીય નાગરિકતાનો અંતિમ અને નિર્ણાયક પુરાવો નથી. આ નિવેદન બાદ દેશભરમાં ચર્ચા શરૂ થઈ કે જો પાસપોર્ટ પણ નાગરિકતાનો અંતિમ પુરાવો નથી તો પછી કયો દસ્તાવેજ છે? આ ગૂંચવણ દૂર કરવા માટે રજૂ છે સરળ ભાષામાં પ્રશ્નોત્તરી.




**પ્ર. 1 : શું પાસપોર્ટ ભારતીય નાગરિકતાનો પુરાવો છે?**

**જવાબ:** પાસપોર્ટ એક મજબૂત પુરાવો છે કે ધારક ભારતીય હોવાની સંભાવના છે, પરંતુ કાયદાની દ્રષ્ટિએ તે અંતિમ (Conclusive) પુરાવો નથી. પાસપોર્ટનો મુખ્ય હેતુ આંતરરાષ્ટ્રીય પ્રવાસ માટે ઓળખ અને રાષ્ટ્રીયતા દર્શાવવાનો છે. જો કોઈ કેસમાં નાગરિકતા અંગે વિવાદ ઊભો થાય તો માત્ર પાસપોર્ટના આધારે અંતિમ નિર્ણય લેવાતો નથી.

**પ્ર. 2 : તો પછી પાસપોર્ટ મેળવવા પહેલાં ચકાસણી થતી નથી?**

**જવાબ:** થાય છે. પાસપોર્ટ આપતા પહેલાં સરકાર પોલીસ વેરિફિકેશન સહિત વિવિધ દસ્તાવેજોની તપાસ કરે છે. પરંતુ આ પ્રક્રિયા પછી પણ જો ભવિષ્યમાં કોઈ કાનૂની વિવાદ ઊભો થાય તો કોર્ટ વધુ પુરાવા માંગવાનો અધિકાર ધરાવે છે.

**પ્ર. 3 : આધાર કાર્ડ નાગરિકતાનો પુરાવો છે?**

**જવાબ:** ના.આધાર માત્ર ઓળખ (Identity) અને *સરનામા (Address)*નો પુરાવો છે.ભારતમાં રહેતા કેટલાક બિન-નાગરિકો પણ કાયદેસર રીતે આધાર મેળવી શકે છે. તેથી આધાર ભારતીય નાગરિકતા સાબિત કરતો દસ્તાવેજ નથી.

**પ્ર. 4 : મતદાર ઓળખપત્ર નાગરિકતા સાબિત કરે છે?**

**જવાબ:** સંપૂર્ણ રીતે નહીં. મતદાર યાદીમાં નામ હોવું એ વ્યક્તિ મતદાન માટે નોંધાયેલ છે તેનો પુરાવો છે. પરંતુ જો કોઈ વિવાદ થાય તો માત્ર મતદાર કાર્ડના આધારે નાગરિકતા સાબિત થઈ શકે નહીં.

**પ્ર. 5 : નાગરિકતા કેવી રીતે નક્કી થાય છે?**

**જવાબ:** ભારતીય નાગરિકતા અધિનિયમ, 1955 મુજબ નાગરિકતા મળી શકે છે–જન્મથી વંશપરંપરાથી નોંધણી દ્વારા નેચરલાઈઝેશન દ્વારા કોઈ વિસ્તાર ભારત સાથે જોડાય ત્યારે

**પ્ર. 6 : તો ભારતીય નાગરિકતાનો એક જ દસ્તાવેજ છે?**

**જવાબ:** ના.ભારતમાં મોટા ભાગના લોકોને માટે એવો કોઈ એક દસ્તાવેજ નથી જે દરેક પરિસ્થિતિમાં નાગરિકતાનો અંતિમ પુરાવો ગણાય. ભારતની વ્યવસ્થા અનેક દસ્તાવેજોના સંયોજન પર આધારિત છે.

**પ્ર. 7 : PAN કાર્ડ વિશે શું?**

**જવાબ:** PAN માત્ર આવકવેરા સંબંધિત ઓળખ નંબર છે.તેનો નાગરિકતા સાથે કોઈ સીધો સંબંધ નથી.

**પ્ર. 8 : જન્મ પ્રમાણપત્રનું શું મહત્વ છે?**

**જવાબ:** જન્મ પ્રમાણપત્ર સૌથી મહત્વના દસ્તાવેજોમાંનું એક છે. પરંતુ જન્મની તારીખ મુજબ માતા-પિતાની નાગરિકતા સહિત અન્ય પરિબળો પણ મહત્વ ધરાવે છે.

**પ્ર. 9 : કોર્ટ શું જુએ છે?**

**જવાબ:** કોર્ટ સામાન્ય રીતે નીચેના દસ્તાવેજોનું સંયુક્ત મૂલ્યાંકન કરે છે
જન્મ પ્રમાણપત્ર
શાળાના દાખલા પરિવારના રેકોર્ડ
જમીન અથવા મિલકતના દસ્તાવેજ
મતદાર યાદી
પાસપોર્ટ
અન્ય સરકારી નોંધો
એક જ દસ્તાવેજના આધારે નિર્ણય થતો નથી.

**પ્ર. 10 : વિદેશ મંત્રાલયે સ્પષ્ટતા કેમ કરી?**

**જવાબ:** તાજેતરમાં મતદાર યાદીના વિશેષ પુનઃરીક્ષણ (SIR) દરમિયાન પ્રશ્ન ઉઠ્યો હતો કે શું માત્ર પાસપોર્ટ બતાવીને નાગરિકતા સાબિત કરી શકાય? તેના જવાબમાં MEAએ જણાવ્યું કે પાસપોર્ટ મહત્વનો દસ્તાવેજ છે, પરંતુ કાયદાકીય રીતે અંતિમ પુરાવો નથી.

**પ્ર. 11 : શું આનો અર્થ પાસપોર્ટનું મહત્વ ઘટી ગયું?**

**જવાબ:** બિલકુલ નહીં.
પાસપોર્ટ હજુ પણ વિશ્વસનીય સરકારી દસ્તાવેજોમાંનો એક છે અને આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતની ઓળખ દર્શાવે છે. ફક્ત નાગરિકતા અંગે કોર્ટમાં વિવાદ થાય ત્યારે અન્ય પુરાવા પણ જોવામાં આવે છે.

**પ્ર. 12 : ભારતમાં 'સિટિઝનશિપ સર્ટિફિકેટ' કેમ નથી?**

**જવાબ:** ભારતમાં જન્મથી નાગરિક બનેલા મોટાભાગના નાગરિકોને અલગથી સિટિઝનશિપ સર્ટિફિકેટ આપવામાં આવતું નથી. આ માટે નોંધણી અથવા નેચરલાઈઝેશન દ્વારા નાગરિકતા મેળવનાર વ્યક્તિને જ સામાન્ય રીતે સિટિઝનશિપ સર્ટિફિકેટ આપવામાં આવે છે. જો કોઈ વિવાદ થાય તો માત્ર મતદાર કાર્ડના આધારે નાગરિકતા સાબિત થઈ શકે નહીં.

---

## TECH BITES

### Alexa+ હવે ભારતમાં : AI વોઈસ આસિસ્ટન્ટનું નવું યુગ શરૂ

ભારતીય ભાષાઓમાં વધુ સ્માર્ટ અને સ્વાભાવિક અનુભવ આપશે Amazonનું Alexa+ Amazon ભારતમાં તેના AI આધારિત નવા વોઇસ આસિસ્ટન્ટ *Alexa+*નું પરીક્ષણ કરી રહ્યું છે. આ નવી આવૃત્તિ અગાઉની સરખામણીએ વધુ સંવાદાત્મક છે અને ભારતીય ભાષાઓ તેમજ સ્થાનિક ઉચ્ચારણને વધુ સારી રીતે સમજી શકે છે. કંપની પસંદગીના યુઝર્સ પાસેથી પ્રતિસાદ મેળવી રહી છે. જો પરીક્ષણ સફળ રહેશે તો ટૂંક સમયમાં દેશભરમાં લોન્ચ થવાની શક્યતા છે.



### 'ટોય સ્ટોરી 6'માં AI અવાજ? ટોમ હેન્ક્સની ચેતવણી

AIથી કલાકારોના અવાજનો ઉપયોગ કરવો કેટલો યોગ્ય? હોલીવુડ અભિનેતા ટોમ હેન્ક્સે ચિંતા વ્યક્ત કરી છે કે ભવિષ્યમાં AI તેમના અવાજની નકલ કરીને નવા ડાયલોગ બોલાવી શકે છે. તેમણે જણાવ્યું કે ટેક્નોલોજી ફિલ્મ ઉદ્યોગ માટે નવી તકો લાવે છે, પરંતુ કલાકારોની મંજૂરી અને કોપિરાઇટનું રક્ષણ પણ એટલું જ જરૂરી છે.



### AI માટે 'લેંગ્વેજ ટેક્સ': હિન્દી સહિત ભારતીય ભાષાઓ કેમ બને છે મોંઘી?

અંગ્રેજીની સરખામણીએ વધુ ટોકન્સના કારણે વધે છે ખર્ચ નવા સંશોધન મુજબ AI મોડલ્સમાં હિન્દી, અરબી અને ચાઇનીઝ જેવી ભાષાઓ માટે અંગ્રેજી કરતાં વધુ "ટોકન્સ"ની જરૂર પડે છે. તેના કારણે AI સેવાઓનો ખર્ચ વધી જાય છે. નિષ્ણાતો આને "Language Tax" તરીકે ઓળખાવે છે અને સ્થાનિક ભાષાઓ માટે વધુ કાર્યક્ષમ AI મોડલ વિકસાવવાની જરૂરિયાત દર્શાવે છે.




### વિમ્બલડનમાં AIની એન્ટ્રી । ટેનિસ ચાહકોને સ્માર્ટ ઈન્ટરેક્ટિવ અનુભવ

વિશ્વપ્રસિદ્ધ Wimbledon ટૂર્નામેન્ટ હવે AIની મદદથી ચાહકોને વધુ સારી માહિતી આપશે. મેચના મહત્વના પળોની ઓળખ, આંકડાકીય વિશ્લેષણ અને કુદરતી ભાષામાં પ્રશ્નોના જવાબ જેવી સુવિધાઓ ઉપલબ્ધ થશે. AI ટેક્નોલોજીથી રમત જોવાનો અનુભવ વધુ આધુનિક બનશે.




---

# પાંચ રૂપિયાની ટ્રેક્ટરવાળી નોટ બદલ લાખો રૂપિયા? જાણો આ નવા સાયબર સ્કેમનું સત્ય

મયુર ભુસાવળકર
આઈટી એક્સપર્ટ

આજકાલ સોશિયલ મીડિયા પર એક નવી જ પ્રકારનું સ્કેમ ખૂબ ઝડપથી ફેલાઈ રહ્યું છે, જેમાં સામાન્ય લોકોને ઘેરબેઠા લાખો રૂપિયા કમાવવાની લાલચ આપીને ફસાવવામાં આવી રહ્યા છે. સાયબર ગુનેગારો જૂના સિક્કા અને ખાસ કરીને "૫ રૂપિયાની ટ્રેક્ટરવાળી નોટ" ખરીદવાના બહાને લોકોના બેંક ખાતા ખાલી કરી રહ્યા છે અને તેમના સત્તાવાર દસ્તાવેજોનો દુરુપયોગ કરી રહ્યા છે.

### કેસ સ્ટડી

એક વૃદ્ધ વ્યક્તિ instagram ઉપર રીલ જોતા હતા ત્યારે તેમને એક રિલ દેખાય છે , જે રીલ માં એવો દાવો કરવામાં આવે છે , જો તમારી પાસે પાંચ રૂપિયાની ટ્રેક્ટર વાળી નોટ હોય એના બદલામાં ખૂબ વધુ રૂપિયા મળશે, અને જ્યારે વૃદ્ધ એ લિંક ઉપર ક્લિક કરે છે, ત્યારે whatsapp એપ્લિકેશન ઉપર અજાણ્યા વ્યક્તિ તરફથી સંપર્ક સાધીને કહેવામાં આવે છે, પાંચ રૂપિયાની નોટ જો તમારી પાસે હોય તો અમને મોકલો, વૃદ્ધે પોતાના પાસે રહેલી ટ્રેક્ટરવાળી પની નોટનો ફોટો મોકલતાં જ સામેની વ્યક્તિએ 39.75 લાખ ચૂકવવાની ઓફર કરી, પરંતુ પહેલા રજીસ્ટ્રેશન માટે 550 રૂપિયા નું પેમેન્ટ ક્યુ આર કોડ સ્કેન કરીને મોકલવાનું કહે છે, વૃદ્ધ વ્યક્તિને ક્યુ આર કોડ સ્કેન કરીને પૈસા મોકલવાનું ફાવતું નથી એટલે તે તેમની દીકરીને ફોન કરીને બોલાવે છે, અને જ્યારે તે વૃદ્ધની દીકરીને આ બાબત સંદર્ભે થોડીક શંકા થાય છે, દીકરી મારો સંપર્ક કરે છે ત્યારે આ બધી હકીકત મારા સામે આવે છે, પણ ત્યાં સુધી વૃદ્ધ વ્યક્તિ પોતાનું આધાર કાર્ડ અને ફોટો સાયબર અપરાધીને મોકલી ચૂક્યો હોય છે.

### અજાણી વ્યક્તિ સાથે આધારકાર્ડ અને ફોટો શેર કરવાના જોખમો

ઘણા લોકોને લાગે છે કે ૫૫૦ રૂપિયા ગુમાવ્યા એ તો નાની વાત છે, પરંતુ અજાણતામાં જે આધારકાર્ડ અને લાઈવ ફોટો તમે સ્કેમર્સને આપ્યો છે, તેનો ભયાનક દુરુપયોગ થાય છે

**ગેરકાયદેસર સિમ કાર્ડ**
તમારા આધારકાર્ડ અને ફોટોનો ઉપયોગ કરીને ગુનેગારો સિમ કાર્ડ ખરીદી લે છે. આ સિમ કાર્ડનો ઉપયોગ અન્ય લોકોને ધમકાવવા, ખંડણી માંગવા કે અન્ય સાયબર ફ્રોડ કરવા માટે થાય છે. જ્યારે પોલીસ તપાસ કરે ત્યારે તમારું નામ સામે આવે છે.

**ઈન્સ્ટન્ટ લોન એપ્લિકેશન ફ્રોડ**
આજકાલ પ્લેસ્ટોર પર અસંખ્ય ચાઇનીઝ અને ગેરકાયદેસર લોન એપ્સ ઉપલબ્ધ છે, જે માત્ર આધારકાર્ડ અને સેલ્ફી ફોટોના આધારે લોન આપી દે છે. સ્કેમર્સ તમારા નામે લોન ઉપાડી લે છે અને પૈસા પોતે વાપરી નાખે છે.

**બેંક ખાતા ખોલવા**
સાયબર ક્રાઇમ મની લોન્ડરિંગ માટે ગુનેગારોને એવા ખાતાની જરૂર હોય છે જે ટ્રેસ ન થઈ શકે. તમારા ડોક્યુમેન્ટ્સનો ઉપયોગ કરીને તેઓ ઓનલાઈન બેંક ખાતા ખોલાવે છે, જેમાં કરોડો રૂપિયાના ફ્રોડના પૈસા ટ્રાન્સફર કરવામાં આવે છે.




### સ્કેમર્સની મોડસ ઓપરેન્ડી

સાયબર એક્સપર્ટ મયુર ભુસાવળકર જણાવે છે કે સાયબર ગુનેગારો આ કૌભાંડને ખૂબ જ આયોજનબદ્ધ રીતે છ તબક્કામાં અંજામ આપે છે

**1) સોશિયલ મીડિયા કેમ્પેઈન:** સૌથી પહેલા ફેસબુક, ઇન્સ્ટાગ્રામ અથવા યુટ્યુબ પર આકર્ષક જાહેરાતો મૂકવામાં આવે છે કે, "જો તમારી પાસે ૫ રૂપિયાની ટ્રેક્ટરવાળી જૂની નોટ હોય, તો તમને તેના બદલામાં લાખો રૂપિયા મળશે."

**2) વ્હોટ્સએપ પર આમંત્રણ:** જ્યારે કોઈ યુઝર આ લિંક પર ક્લિક કરે છે, ત્યારે તેને સીધો એક વ્હોટ્સએપ ચેટ પર રીડાયરેક્ટ કરવામાં આવે છે.

**3) નોટનો ફોટો અને લાખોની લાલચ:** વ્હોટ્સએપ પર ગુનેગારો યુઝર પાસેથી તે ૫ રૂપિયાની નોટનો ફોટો મંગાવે છે. ફોટો જોતાની સાથે જ સામેવાળી વ્યક્તિ કોઈ મોટી રકમ (જેમ કે ૩૫ કે ૩૯ લાખ રૂપિયા) આપવાનો વાયદો કરે છે.

**4) આધારકાર્ડ અને સેલ્ફીની માંગણી:** આ મોટી રકમ ટ્રાન્સફર કરવા માટે 'સરકારી પ્રોસેસ' અથવા 'રજીસ્ટ્રેશન' ના બહાને યુઝરનું આધારકાર્ડ અને એક પાસપોર્ટ સાઈઝ ફોટો અથવા સેલ્ફી મંગાવવામાં આવે છે.

**5) રજીસ્ટ્રેશન ફી પેટે નાની રકમની માંગ :** એકવાર યુઝર તેમની જાળમાં ફસાઈ જાય એટલે ગુનેગારો કહે છે કે તમારી ફાઈલ તૈયાર છે, બસ ગવર્મેન્ટ ફાઈલ ચાર્જ અથવા પ્રોસેસિંગ ફી પેટે ૫૫૦ રૂપિયા ઓનલાઈન QR કોડ સ્કેન કરીને ચૂકવી દો.

**6) ઘરે આવીને કેશ આપવાનો ભરોસો:** વિશ્વાસ જીતવા માટે ગુનેગારો ઓડિયો મેસેજ મોકલીને એવું કહે છે કે, "અમારી ટીમ ૨૪ થી ૪૮ કલાકમાં તમારા ઘરે આવશે અને તમને લાખો રૂપિયા રોકડા આપી જશે." પરંતુ જેવા ૫૫૦ રૂપિયા ભરાય, એટલે તેઓ અલગ-અલગ ચાર્જિસના નામે લાખો રૂપિયા પડાવવાનું શરૂ કરે છે, જ્યારે યુઝરને છેતરપિંડીની ખબર પડી જાય છે ત્યારે સાયબર અપરાધીઓ યુઝરને બ્લોક કરીને ગાયબ થઈ જાય છે.

### આ સાયબર સ્કેમને કેવી રીતે ઓળખવો?

**1) અવાસ્તવિક વળતર:** ૫ રૂપિયાની સામાન્ય નોટના બદલામાં કોઈ ક્યારેય ૩૫ કે ૩૯ લાખ રૂપિયા ન આપી શકે. આવી અતિશય લોભામણી ઓફર જ સ્કેમની સૌથી મોટી નિશાની છે.

**2) વ્હોટ્સએપ પર સત્તાવાર વ્યવહાર:** કોઈ પણ માન્યતા પ્રાપ્ત સિક્કા ખરીદનાર કે આરબીઆઈ ક્યારેય વ્હોટ્સએપ પર પર્સનલ ચેટમાં આવા સોદા કરતી નથી.

**3) એડવાન્સ પેમેન્ટની માંગણી:** જે સ્કેમમાં પહેલા પૈસા આપવાની માંગણી થતી હોય, તે ૧૦૦% ફ્રોડ હોય છે.

### સાયબર સુરક્ષાના મહત્વના ચાર પગલાં

**1) ડોક્યુમેન્ટ્સ ક્યારેય શેર ન કરો:** સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર અજાણી વ્યક્તિ સાથે પોતાનું આધારકાર્ડ, પાનકાર્ડ કે લાઈવ ફોટો ક્યારેય શેર કરશો નહીં.

**2) માસ્કડ આધારનો ઉપયોગ કરો:** સત્તાવાર જગ્યાએ આધારકાર્ડ આપવું પણ પડે, તો Masked Aadhaar જેમાં આધારના છેલ્લા ૪ આંકડા જ દેખાય તેનો ઉપયોગ કરો.

**3) લાલચથી બચો:** ઘેરબેઠા સિક્કા વેચીને કરોડપતિ બનવાના સપના બતાવતી જાહેરાતો પર ક્લિક કરવાનું ટાળો.

**4) યાદ રાખો:** સાયબર સુરક્ષા એ જ આપણી સાચી સુરક્ષા છે.